ફોન : ૨૨૦૨૨૮,૨૩૦૦૬૮
મો. : ૯૪૨૮૫ ૧૮૮૯૦
૯૬૨૪૬ ૩૦૦૬૮
૯૬૨૪૬ ૩૦૦૬૬

# ડી.પી. ઠકકર એન્ડ કાું.
# ડી.પી. ઠકકર એન્ડ બ્રધર્સ
## ટેક્ષ કન્સલટન્ટસ
' શ્રી કુંજ ' સ્ટેશનરોડ, પાટણ ( ઉ.ગુ.)

---

તારીખ : ૧૩/૫/૨૦૧૯

ભાઈશ્રી,

નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯ તારીખ ૩૧/૩/૨૦૧૯ ના રોજ પુરૂ થયુ છે. જેનુ એસેસમેન્ટ વર્ષ ૨૦૧૯–૨૦ છે.

(૨) જે કરદાતાની ઈન્કમટેક્ષ રીટર્ન ભરવાની જવાબદારી હોય તેમણે સમયસર ઈન્કમટેક્ષ રીટર્ન ભરવુ જરૂરી છે. નીચેના કરદાતાના કેસમાં ઈન્કમટેક્ષ રીટર્ન તારીખ ૩૧/૭/૨૦૧૯ સુધીમાં ભરવુ જોઈએ કારણ તે પછી તારીખ ૧/૮/૨૦૧૯ થી તારીખ ૩૧/૩/૨૦૨૦ સુધીમાં લેટ ફી ભર્યા સિવાય રીટર્ન ભરી શકાશે નહી. અને આવી લેટ ફી ની રકમ રૂા. ૧૦૦૦/– કે રૂા. ૫૦૦૦/– કે રૂા. ૧૦૦૦૦/– જે લાગુ પડતી હોય તે ભરવી પડે.

(૩) <u>નીચેના કરદાતાઓએ તારીખ ૩૧/૭/૨૦૧૯ સુધીમાં રીટર્ન ભરવું જોઈએ.</u>

- (૧) પગારની કે વ્યાજની કે ભાડાની કે કેપીટલ ગેઈનની આવક રૂા. ૨,૫૦,૦૦૦/– થી વધુ હોય
- (૨) ઓડીટ ના કરાવતી ભાગીદારી પેઢીના ભાગીદાર હોય કે ઓડીટ કરાવતી ભાગીદારી પેઢીના ભાગીદાર હોય પણ વર્કીંગ પાર્ટનરનો પગાર મળતો ના હોય
- (૩) ભાગીદારી પેઢી હોય અને વર્ષ દરમ્યાન નફો નુકશાન હોય નહી એટલે કે NIL ઈન્કમવાળી પેઢીઓ તથા નુકશાન હોય તેવી ભાગીદારી પેઢી કે માલીકી પેઢી
- (૪) વેપારધંધો કરતી માલીકી / એચ.યુ.એફ કે ભાગીદારી પેઢી જેનુ ટર્નઓવર રૂા. ૧ કરોડ થી ઓછુ હોય અને ઓડીટ કરાવતા ના હોય પણ કલમ 44 AD હેઠળ ૬ % કે ૮ % નફો બતાવતા હોય તેમણે :–
  - (૧) તમામ ટર્નઓવર એકાઉન્ટ પેઈ ચેક / ડ્રાફ્ટ / ECS થી હોય તો ૬ % લેખે નફો બતાવવો પડે.
  - (૨) ટર્નઓવર ક્રોસ ચેક / રોકડેથી હોય તો ૮ % પ્રમાણે નફો બતાવવો પડે.
  - (૩) ઉપર પ્રમાણે જે આવક આવે તેમાંથી કોઈ ખર્ચ બાદ મળતુ નથી જેમ કે ઘસારો, કે ભાગીદારી પેઢીના કેસમાં ભાગીદારનું વ્યાજ અને પગાર
  - (૪) એટલે જે વેપારીઓએ ભાગીદારોનો પગાર કે વ્યાજ આવકમાંથી બાદ લેવુ હોય તેવા વેપારીઓ એ ઓડીટ કરાવી રીટર્ન ભરવુ પડે તો ભાગીદારોનું વ્યાજ અને પગાર બાદ મળે.
- (૫) વકીલો / ડોકટરો / એન્જીનીયરો વિગેરે પ્રોફેશન એટલે કે વ્યવસાય કરનારના કેસમાં કુલ રીસીપ્ટ ના ૫૦ % આવક ગણી ઈન્કમટેક્ષ ભરવો હોય તેવા કરદાતાઓ.
  - (૧) આવા વ્યવસાયી કરદાતાને પણ ઘસારો બાદ મળે નહી અને જો ઘસારો બાદ લેવો હોય તો ઓડીટ કરાવી રીટર્ન ભરવુ પડે.

(૪) <u>નીચેના કરદાતાના કેસમાં ઈન્કમટેક્ષ રીટર્ન ભરવાની મુદત તારીખ ૩૦/૯/૨૦૧૯ છે.</u>

- (૧) જે માલીકી પેઢી કે એચ.યુ.એફ પેઢી કે ભાગીદારી પેઢીનું ટર્નઓવર રૂા. ૧ કરોડથી વધુ હોય અને ઓડીટ કરાવવુ ફરજીયાત હોય .
- (૨) જે વેપારી પેઢીનું ટર્નઓવર રૂા. ૧ કરોડથી ઓછુ હોય અને કલમ 44AD હેઠળ ઓડીટ કરાવવુ હોય .

(૩) કંપની તથા ઓડીટ કરાવવુ ફરજીયાત હોય તેવી કો.ઓપરેટીવ સોસાયટી અને ઘર્માદા ટ્રસ્ટ.
(૪) ઓડીટેડ ભાગીદારી પેઢીના વર્કીંગ પાર્ટનરો જેમને પેઢીમાંથી પગાર મળતો હોય.

(૫) ઈન્કમટેક્ષ રીટર્ન સરળ કરવા માટે ઈન્કમટેક્ષ ખાતુ જાગૃત છે એટલે લગભગ દર વર્ષે ઈન્કમટેક્ષ રીટર્નના ફોર્મમાં સુધારા –વધારા કરે છે એ પ્રમાણે ચાલુ વર્ષ માટેના ઈન્કમટેક્ષ રીટર્નના ફોર્મમાં સુધારા – વધારા કરેલા છે અને કેટલીક નવી વિગતો રીટર્નના ફોર્મમાં ભરવાની છે જેવી કે :–

(૧) ડાયરેકટર અંગેની વિગતો (૨) GSTIN તથા GST રીટર્નમાં દર્શાવેલ વાર્ષિક ટર્નઓવર વિગત (૩) ૫ લાખથી વધુ ખેતીની આવક અંગે (૪) કોઈ જમીન કે મકાન મિલ્કત વેચેલ હોય તો તે અંગે (૫) ભાગીદારના રીટર્નમાં જે તે ભાગીદારી પેઢી અંગે (૬) ડોનેશન અંગે (૭) ફોરેનમાં બેંક ખાતુ હોય કે મિલકત હોય તે અંગે (૮) ભાડાની આવક હોય તે અંગે (૯) નોન રેસીડન્ટ માટે (૧૦) પગારની આવક અંગે પરકવીઝીટ અંગે FORM 16-B પગારના ફોર્મ – ૧૬ સાથે લેવુ ફરજીયાત છે. (૧૧) કેપીટલ ગેઈન અંગે (૧૨) જે કંપનીના શેર સ્ટોક એક્ષચેન્જમાં લીસ્ટેડ ના હોય તેવી અન લીસ્ટેડ કંપનીના શેર અંગે (૧૩) ધંધા અંગેની આવક હોય તો મેન્યુફેકચરીંગ ખાતા અંગેની વિગત તથા ટ્રેડીંગ ખાતા હોય તો તે અંગે અને નફા નુકશાન ખાતાની વિગત અને સરવૈયા અંગેની વિગત રીટર્નના ફોર્મમાં જે રીતે માંગેલ છે તે રીતે ભરવી જરૂરી છે. (૧૪) રૂા. ૧ લાખથી વધુ રકમની બેડડેટ (ઘાલખાદ્ય) માંડવાળ કરી હોય તે અંગે.

ઉપરની વિગતો માટે જરૂરી માહીતી આ સરકયુલરમાં આપી છે અને જે માહીતી આપી નથી તે માહીતી જેમને લાગુ પડતી હોય તેમણે અમારી પાસેથી મેળવી લેવી.

(૬) <u>ઈન્કમટેક્ષ રીટર્ન ભરવા માટે નીચેની વિગતો વહેલાસર મોકલશો.</u>

(૧) ઓડીટ રીપોર્ટ ( જો ઓડીટ કરાવેલ હોય તો ) (૨) નફા નુકશાન ખાતુ (૩) માલખાતા ( કવોન્ટીટી / વજનમેળ સાથે ) (૪) વ્યાજખાતુ જો વ્યાજ ખર્ચ અને આવક ખાતા જુદા રાખેલા હોય તો તે બંને ખાતા (૫) તમારી TDS થઈ હોય તે ખાતા (૬) તમે કરેલી TDS ના ખાતા (૭) ઈન્કમટેક્ષ ખાતુ (૮) એડવાન્સ ટેક્ષ ખાતુ (૯) પગાર ખાતુ (૧૦) ઓફીસ ખર્ચ ખાતુ (૧૧) દુકાન કે વખાર ભાડા ખાતુ (૧૨) ડોનેશન ખાતુ જો હોય તો (૧૩) ઘસારા ખાતુ (૧૪) જે જે મિલ્કતનો ઘસારો નાંખેલ હોય કે વેચેલ હોય તે મિલ્કતના ખાતા (૧૫) માલીક કે ભાગીદારોના ખાતા (૧૬) પાકુ સરવૈયુ (૧૭) સ્થાવર મિલ્કતના વેચાણનો નફો હોયતો વેચાણ દસ્તાવેજ તથા ખરીદ દસ્તાવેજની નકલ (૧૮) સ્થાવર મિલ્કતનું વેચાણ જો જંત્રી કિંમત પ્રમાણે ના હોય તો જંત્રી પ્રમાણેની વેચાણ રકમ (૧૯) ભાડાની આવક હોય તો :–
મિલ્કતનો મ્યુ. નંબર (૨) ભાડાની રકમ (૩) ભાડુવાતનું નામ / સરનામું અને P.A.NO. અને (૪) મ્યુનીસીપલ ટેક્ષ તમે ભરેલો હોયતો તેની રકમ અને પાવતી (૨૦) રહેવાનું ૧ મકાન માફ છે તે સિવાયના મકાનો રહેવા માટે વપરાતા હોય કે ખાલી હોય તથા દુકાનો કે વખારો ખાલી હોય તો આવી મિલ્કત ભાડે આપી હોત તો કેટલુ ભાડુ આવે તેની વિગતનું સ્ટેટમેન્ટ ( આવા ખાલી મકાન માટે બજાર ભાડું ગણતરી કરી આવકમાં બતાવવા માટે ) (૨૧) મજરે લેવાની વ્યાજ કપાત / કમીશન કપાત / વિગેરેના FORM 16-A (૨૨) સ્થાવર મિલ્કતની ખરીદી કરી હોય તો દસ્તાવેજની નકલ અને દસ્તાવેજની જંત્રીની રકમ કેટલી ? (૨૩) એડવાન્સ ટેક્ષના ચલણો (૨૪) દાન આપેલ હોયતો પાવતી તથા ૮૦G સર્ટીફીકેટ (૨૫) અંગત અને HUF ના રીટર્ન માટે LIP / PPF / મેડીકલ વિમો મ્યુની. ટેક્ષ વિગેરેની પાવતીઓ (૨૬) પગારની આવક માટે FORM 16 પાર્ટ – B સાથે (૨૭) તમામ બેંક ખાતાની વિગત ખાતા નંબર તથા IFSC કોડ સાથે (૨૮) જે બેંક ખાતામાં ઈન્કમટેક્ષ રીફંડ જમા લેવુ હોય તે બેંક ખાતાની વિગત તથા બેંકમાં આપેલ મોબાઈલ નંબર (૨૯) હાઉસીંગ લોન લીધી હોયતો ભરેલ મુદલ તથા વ્યાજનું બેંકનું સર્ટીફીકેટ (૩૦) NSC ખરીદ કરેલ હોયતો સર્ટીફીકેટની ઝેરોક્ષ

(૩૧) બે બાળકો સુધીની ટયુશન ફી ની પાવતીની ઝેરોક્ષ (૩૨) નેશનલ પેન્શન સ્કીમ હેઠળ પૈસા ભર્યા હોયતો પાવતી (૩૩) ટેક્ષસેવર મ્યુચુલ ફંડ કે ટેક્ષ સેવર FD લીધી હોયતો તેની વિગત.

(૭) **<u>GST માટે નીચેની વિગત મોકલશો :–</u>**

(૧) GSTIN નંબર (૨) GST રીટર્નમાં દર્શાવેલ Outward Supplies ની વાર્ષિક રકમ.

(૮) ઘાલખાદ્ય – બેડડેટ ખાતાનો ઉતારો વિગતવાર મોકલવો અને રૂા. ૧ લાખથી વધુ રકમની ઘાલખાદ્ય કોઈ પાર્ટીની માંડી વાળી હોય તો તેનો P.A.NO. અને સરનામુ લખવું.

(૯) **<u>કલમ 44AD કે 44AD-A કે 44AE હેઠળ ઉચ્ચક વેરો ભરવાનો સ્વીકારેલ હોય અને ચોપડા રાખતા ના હોય તો નીચેની વિગત આપવાની છે.</u>**

(૧) એકાઉન્ટ પેઈ ચેક / DD / ECS થી કરેલ વકરો કે ગ્રોસ રીસીપ્ટસ
(૨) એકાઉન્ટ પેઈ ચેક / DD / ECS સીવાય કરેલ વકરો.
(૩) ગ્રોસ પ્રોફીટ બાદ ખર્ચા અને નેટ પ્રોફીટ
(૪) સ્પેકયુલેશન વાયદાનો નફો હોય તો તેની વિગત આપવી.

(૧૦) **<u>સ્થાવર મિલ્કતના વેચાણ માટે નીચેની વિગત પણ આપવી જરૂરી છે :–</u>**

(૧) અનુ.નં. (૨) ખરીદનારના નામ (૩) ખરીદનારના P.A.NO.
(૪) એક થી વધુ ખરીદનાર હોય તો દરેક ખરીદનારના ભાગ (૫) ખરીદનારના સરનામા
(૬) ખરીદ કિંમત

(૧૧) **<u>શેરના વેચાણ ઉપર લોંગ ટર્મ કેપીપટલ ગેઈન થતો હોય તો નીચે પ્રમાણેની વિગત મોકલવી.</u>**

**(A)** <u>તારીખ ૩૧/૧/૧૮ સુધી ખરીદ કરેલા શેર માટે</u> :–
(૧) કંપનીનું નામ (૨) શેરની સંખ્યા (૩) વેચાણ તારીખ (૪) વેચાણ રકમ
(૨) ખરીદ કિંમત બાદ કરવા માટે નીચેની વિગત આપવી.
(૧) ૩૧/૧/૨૦૧૮ સુધી કરેલા શેરની ખરીદી માટે.
(૧) ખરીદ કિંમત તથા (૨) ૩૧/૧/૨૦૧૮ નાં રોજની શેરની કિંમત અથવા વેચાણ કિંમત એ બે માંથી જે ઓછી રકમ હોય તે
(૩) એટલે કે વેચાણ કિંમતમાંથી ખરીદ કિંમત પેટા કલમ (૨) માં લખ્યા પ્રમાણે ગણતરી કરી બાદ મળશે.

**(B)** **<u>તારીખ ૩૧/૧/૨૦૧૮ પછી ખરીદ કરેલા શેર માટે</u>**

(૧) કંપનીનું નામ (૨) શેરની સંખ્યા (૩) વેચાણ તારીખ (૪) વેચાણ રકમ
(૫) ખરીદ કિંમત (૬) ખરીદ તારીખ

**(C)** **<u>લોંગ ટર્મ કેપીટલ ગેઈન માટે.</u>**

(૧) શેર જો ૧૨ મહીનાથી વધુ સમય માટે રાખેલા હોય અને
(૨) સ્થાવર મિલ્કત જો ૨૪ મહીનાથી વધુ સમય માટે રાખેલ હોય.
તો લોંગ ટર્મ કેપીટલ ગેઈન ટેક્ષ લાગે.

(૧૨) **<u>અનલીસ્ટેડ ઈકવીટી શેર માટે નીચે પ્રમાણે વિગત મોકલશો :–</u>**

(૧) સામાન્ય રીતે પબ્લીક લીમીટેડ કંપનીના શેર લીસ્ટેડ થાય છે.એટલે પ્રાઈવેટ લીમીટેડ કંપનીના શેરની વિગત આપવાની રહે નહીં પણ ચોખવટ નથી એટલે પબ્લીક લીમીટેડ અને પ્રાઈવેટ લીમીટેડ કંપનીના શેરની વિગત નીચે પ્રમાણે મોકલવી.

(૧) કંપનીનું નામ (૨) PAN નંબર

(૩) તારીખ ૧/૪/૨૦૧૮ નો સ્ટોક જેની વિગત નીચે પ્રમાણે આપવી.
(૧) ઉઘડતો સ્ટોક શેરની સંખ્યા (૨) ખરીદ કિંમત.
(૪) વર્ષ દરમ્યાન કરેલી ખરીદીની વિગત નીચે પ્રમાણે આપવી :–
(૧) શેરની સંખ્યા (૨) ખરીદ કિંમત તારીખ (૩) શેર દીઠ ફેશ વેલ્યુ
(૪) જો નવા શેર ઈશ્યુ કર્યા હોય તો ઈશ્યુ પ્રાઈસ (૫) ખરીદ કિંમત.
(૫) વર્ષ દરમ્યાન વેચાણ કરેલ શેરની સંખ્યા અને વેચાણ કિંમત.
(૬) વર્ષ આખરે બેલેન્સ શેરની સંખ્યા અને ખરીદ કિંમત.

(૧૩) <u>નોન રેસીડન્ટના કેસમાં નીચે જણાવેલી વિગત મોકલશો :–</u>

(૧) સને ૧૮–૧૯ દરમ્યાન ભારતમાં કેટલા દિવસ હતાં.
(૨) સને ૧૪–૧૫ થી સને ૧૭–૧૮ સુધીમાં ભારતમાં કેટલા દિવસ હતાં.
(૩) છેલ્લા નવ વર્ષમાં નોન રેસીડન્ટ હતાં ?
(૪) સને ૧૧–૧૨ થી સને ૧૭–૧૮ દરમ્યાન ભારતમાં કેટલા દિવસ હતાં.
(૫) જે દેશમાં રહેતા હોવ તે દેશમાં તમારા રહેઠાણનું જયુરીસડીકસન જે ઓફિસમાં પડતુ હોય તે ઓફિસની વિગત અને ત્યાં નો તમારો ટેક્ષ પેયર આઈન્ડેટીફીકેશન નંબર.
(૬) ભારતના નાગરીક છો ? કે મુળ ભારતની વ્યકિત છો ?

(૧૪) <u>કોઈ કંપનીના ડાયરેકટર હોવ તો નીચે જણાવેલી વિગત મોકલશો :</u>–

(૧) જે કંપનીમાં ડાયરેકટર હોવ તેનું નામ (૨) કંપનીનો PAN નંબર.
(૩) આ કંપનીના શેર લીસ્ટેડ છે કે અનલીસ્ટેડ છે.

(૧૫) <u>રૂા. ૫,૦૦,૦૦૦/– થી વધુ ખેતીની આવક હોય તો નીચેની વિગત મોકલશો</u> :–

(૧) જમીનનો સર્વે નંબર (૨) જમીનનું માપ એકરમાં (૩) જમીન જે ગામમાં હોય તેનું નામ તાલુકા પ્લેસ તથા જિલ્લાનું નામ (૪) જમીનમાં માત્ર ચોમાસું ખેતી થાય છે કે સિંચાઈ પધ્ધતિથી ખેતી થાય છે કે બંને રીતે ખેતી થાય છે. (૫) ખેતીની જમીનના ઉતારા મોકલવા.

(૧૬) <u>ઈન્કમટેક્ષ રીફંડ જે બેંકમાં એકાઉન્ટમાં લેવાનું હોય તેને લીંક કરવા અંગે નીચેની વિગત મોકલશો :–</u>

(૧) તાજેતરમાં ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટે બેંક ખાતામાં જેમનો મોબાઈલ નંબર આપેલ હોય તે મોબાઈલ નંબર ઈન્કમટેક્ષમાં ઓનલાઈન આપીને સદર બેંક એકાઉન્ટને ફરીથી Link કરવાનું ફરજિયાત કરેલ છે અને આવા Link કરેલ બેંક એકાઉન્ટમાં જ ઈન્કમટેક્ષનું રીફંડ જમા થશે જો એકાઉન્ટ લીંક કરેલ નહી હોય તો રીફંડ ખાતામાં જમા થશે નહીં. એટલે દરેકે જે બેંક એકાઉન્ટમાં ઈન્કમટેક્ષનું રીફંડ લેવાનું હોય તે બેંક એકાઉન્ટનો કેન્સલ કરેલ સહી વગરનો ચેક અમને મોકલશો અને તેમાં સદર ખાતામાં બેંકમાં જે મોબાઈલ નંબર આપેલ હોય તે ચેકમાં લખીને આપવો. જેથી સદર બેંક એકાઉન્ટને અમે ઓનલાઈન લીંક કરવાની પ્રોસેસ કરી શકીએ.

ઉપર લખ્યા મુજબ તમારી પેઢી તથા ભાગીદારોની ઈન્કમટેક્ષ રીટર્ન ભરવા માટેની વિગતો જેમ બને તેમ જલ્દી અમને મોકલશો. જેથી સમયસર રીટર્ન ભરી શકાય.

કુશળ હશો,

લી.

ધીરૂભાઈ – કનુભાઈ
પિયુષભાઈ – નીખીલભાઈ